
# નાગરિકોએ અન્ડર પાસ ખુલ્લો મુક્યા બાદ તંત્રએ હવે બંધ કરવાનો નિર્ણય લીધો

**રોડ સેફ્ટીને અનુલક્ષી જરૂરી કામગીરી બાકી : કોવિડના સમયમાં કામ પુર્ણ થયુ નથી**

ગાંધીનગર તા ૧૨

ક માર્ગથી ખ માર્ગને જોડતા રેલવે અન્ડરપાસને આખરે તંત્રએ હાલ પુરતો બંધ કરી દેવાનો નિર્ણય લીધો છે. ગઈકાલે નાગરિકોએ સ્વેચ્છાએ અન્ડર પાસનુ ઉદઘાટન કરી દીધુ હતુ




રેલવે અન્ડર પાસ પર પ્રથમવાર વાહનો પણ દોડતા થયા હતા જયારે અન્ડર પાસને અનુલક્ષી જરૂરી રોડ સેફ્ટીને લગતી જરૂરી કામગીરી બાકી હોવાથી તંત્રએ આજે બેઠકના અંતે રેલવે અન્ડર પાસને બંધ કરી દેવાનો નિર્ણય લીધો છે.

ગાંધીનગરમાં ક માર્ગ થી ખ માર્ગને જોડતા રેલવે અન્ડરપાસનુ ગઈકાલે આમ નાગરિકોએ પતરા તોડીને અવરોધો દુર કરીને સ્વેચ્છાએ જ લોકાર્પણ કરી દીધુ હતુ. જયારે લાંબા સમયથી ભુલભુલૈયા જેવા રસ્તાથી ત્રસ્ત નાગરિકોની આ હરકતથી અજાણ તંત્રએ હવે આ અન્ડર પાસ હાલ બંધ કરી દેવાનો નિર્ણય કર્યો છે. સુત્રોના જણાંવ્યા મુજબ અન્ડર પાસને અનુલક્ષી રોડ સેફ્ટીને લગતી આખરી કામગીરી બાકી છે. છેલ્લા કેટલાક સમયથી કોરોનાની બીજી લહેરના લીધે ઘણાં કામો અટવાયા છે. મજુરો સહીતનો મેન પાવર કામ પર આવતો નથી માર્ગ મકાન વિભાગમાં હોળી ધુળેટીના પર્વ બાદ અધુરા કામો થઈ શકયા નથી. મજુરો પોતાના વતનમાં જતા રહ્યા હોવાથી હજુ કોરોનાના કહેર વચ્ચે પરિસ્થિતિ થાળે પડી નથી આવા સંજોગોમાં જરૂરી કામો પુર્ણ કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. નવ નિર્મિત હોટલ પાસે સ્થિત અન્ડર પાસનુ કામ આમ પણ વિલંબમાં પડયુ હતુ. દબાણો દુર કરાયા બાદ આગળની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગત વર્ષ ૨૦૧૭ માં અન્ડર પાસના નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવી હતી પરંતુ હજુ સુધીઆ બ્રિજ સંપુર્ણ રીતે તૈયાર થઈ શકયો નથી. બ્રિજની કામગીરી આમ તો પુર્ણ થઈ ગઈ છે. જયારે લાંબા સમયથી નાગરિકો પણ હેરાનગતિ વેઠતા હોવાથી ગઈકાલે શહેરીજનોએ સ્વેચ્છાએ આ અન્ડર બ્રિજની રીબીન કાપી હતી. આ મામલે તંત્ર પણ અજાણ રહ્યુ હતુ. જયારે અન્ડર પાસમાં રોડ સેફટીને અનુલક્ષી જરૂરી કામ બાકી હોવાનુ પણ તંત્ર જણાવી રહ્યુ છે. આજે જિલ્લા કલેકટરે આ મામલે જરૂરી અધિકારીઓ સાથે બેઠક કરી હતી જેના અંતે અન્ડર પાસ પર હાલ વાહન વ્યવહાર બંધ કરી દેવા માટે પણ સુચના આપવામાં આવી છે.

# જિલ્લામાં નવા ૨૪૨ કેસ : ડિસ્ચાર્જ ૨૯૭

**ગાંધીનગરમાં ૨૩, દહેગામમાં ૪૧, કલોલમાં ૩૦ અને માણસામાં ૪૧ કેસ નોંધાયા : શહેરમાં સે. ૨૯ માં ૧૦, કુડાસણમાં ૧૩, સરગાસણમાં ૧૧, રાંદેસણમાં ૯, વાવોલ, સે. ૨૭ માંથી ૭-૭ કેસ, સે. ૨૩ માં ૬ કેસ, સે. ૪, ૨૧, ૨૨, ૨૬ માંથી ૪-૪ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો સિલસિલો યથાવત્ રહ્યો છે. જિલ્લામાં આજે પણ કોરોનાથી સંક્રમિત થનાર દર્દીઓ કરતાં કોરોનામુક્ત થનાર દર્દીઓ વધુ નોંધાયા છે. જિલ્લામાં રિકવરી રેટ ઝડપથી સુધરી રહ્યો હોવાથી તંત્રએ પણ હાશકારો અનુભવ્યો છે.

જિલ્લામાં આજે નવા ૨૪૨ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૩૫ અને ગાંધીનગર શહેરમાં ૧૦૭ કેસ નોંધાયા છે. સારવાર દરમ્યાન ગ્રામ્ય વિસ્તારના બે દર્દી અને ગાંધીનગર શહેરના એક દર્દીનું અવસાન થયુ છે. જો કે મહાનગરપાલિકાના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે શહેરમાં સ્મશાનગૃહો ખાતે કોવિડ ગાઈડલાઈન પ્રમાણે ૨૧ મૃતદેહોનો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામ અને માણસામાં કોરોના બેફામ બન્યો છે જ્યારે ગાંધીનગર અને કલોલમાં સંક્રમણ સ્થિર થયુ હોવાનું મનાઈ રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૪૧, ગાંધીનગરમાં ૨૩, કલોલમાં ૩૦ અને માણસામાં ૪૧ કેસ નોંધાયા છે.

આજે ૧૨ દર્દીને સઘન સારવારની જરૂર જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં ૫૬ મહિલા દર્દીઓ, ૨૦ વર્ષથી ઓછી વયના નવ દર્દી, ૨૩ ખેડૂત, ૧૪ કર્મયોગી અને એક શિક્ષકનો સમાવેશ થાય છે.

દહેગામમાં આજે નોંધાયેલા ૪૧ કેસોથી તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. દહેગામ તાલુકાના અંતરિયાળ ગામોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

દહેગામ અર્બનમાંથી આજે ૭ કેસ મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ખાનપુરમાંથી ૪, ધારીસણામાંથી ૩, જિંડવા, મિરઝાપુર, પાટનાકુવા, સાંપા, ચેખલાપગી ગામેથી ૨-૨ કેસ ઉપરાંત બારડોલી કોઠી, ભુતેશ્વરી, મોટા જલુન્દ્રા, લિહોડા, મીઠાના મુવાડા, પીપલજ, લરગુડી, વડોદ, હાથીજણ, પાલુન્દ્રા, બાબરા, સગદલપુર, રખિયાલ, હાલીસા, નાંદોલ અને સાણોદા ગામેથી કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાનું સંક્રમણ સ્થિર થયુ હોવાથી તંત્રએ રાહતનો શ્વાસ જરૂર લીધો છે. તાલુકામાં આજે વધુ ૨૩ કેસ નોંધાયા છે.

તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં અડાલજમાં ૪, ડભોડા, ચંદ્રાલા, રૂપાલમાં ૨-૨ કેસ ઉપરાંત લેકાવાડા, સાદરા, લવારપુર, મોટા ચિલોડા, પ્રાંતિયા, સોનીપુર, વાસણ, નવા પાલજ, શેરથા, ઉવારસદ, ઈસનપુર મોટા, વડોદરા અને વલાદમાંથી પણ કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં છેલ્લા બે દિવસથી સંક્રમણ સ્થિર થયુ છે પરંતુ કલોલ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની દોડધામ વધી જવા પામી છે.

કલોલ શહેરમાંથી આજે ૯ કેસ નોંધાયા છે. જેમાં કલોલ અર્બન-૧ માંથી ૫, અર્બન-૨ માંથી ૪ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં છત્રાલમાંથી ૫, હાજીપુર, પાનસરમાંથી ૩-૩, બોરીસણા, જાસપુર અને રાંચરડામાંથી ૨-૨ કેસ ઉપરાંત પલસાણા, વડસર, શેરીસા, પલિયડમાંથી પણ કેસ મળી આવ્યા છે.

માણસા તાલુકામાંથી આજે વધુ ૪૧ કેસ મળી આવ્યા છે. માણસામાં જે રીતે કેસો વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

માણસા તાલુકામાં આજે માણસા અર્બનમાંથી પાંચ કેસ મળ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં પુંધરામાંથી ૪, આજોલ, ગલથરા, જામળા, લોદરામાંથી ૩-૩ કેસ તેમજ ઈન્દ્રપુરા, પરબતપુરા, સોજા, અલુવા, અરજણપુરા ગામેથી ૨-૨ કેસ તેમજ આમજા, લિંબોદરા, વાગોસણા, બદપુરા, મકાખાડ, વરસોડા, દેલવાડા, વેડા ગામેથી પણ કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૫૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૭૭૩૩ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં રિકવરી રેટ સુધર્યો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ગ્રામ્ય વિસ્તારમાં ૧ હજાર એક્ટીવ કેસ સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૭૯૭૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોના સંક્રમણમાં ઘટાડો નોંધાયો છે. શહેરમાં આજે ૧૦૭ નવા કેસ નોંધાયા છે. જેમાં શહેરના સેક્ટરોમાં ૫૫ અને શહેરમાં સમાવિષ્ટ અન્ય વિસ્તારોમાં ૫૨ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં બે બાળકોની આયુ ૧૦ થી નીચેની છે આ સાથે કુલ પાંચ દર્દીની આયુ ૨૦ થી ઓછી છે. શહેરમાં બાળકો અને મહિલાઓ સંક્રમિત થવાની વાતને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં રિકવરી રેટ ગત સપ્તાહથી સુધારા પર હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૪૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં સેક્ટરોમાં સેક્ટર-૨૯ માંથી આજે ૧૦ કેસ, સે. ૨૭ માંથી ૭ કેસ, સે. ૨૩ માંથી ૬ કેસ, સે. ૩, ૨૧, ૨૨, ૨૬ માંથી ૪-૪ કેસ, સે. ૮ માંથી ૩ કેસ, સે. ૨, ૧૨, ૧૩, ૧૭, ૩૦ માંથી ૨-૨ કેસ મળી આવ્યા છે તેમજ સે. ૬, ૭, ૨૮ માંથી પણ કેસ મળેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાં આજે કુડાસણમાંથી ૧૩, સરગાસણમાંથી ૧૧, રાંદેસણમાંથી ૯, વાવોલમાંથી ૭, કોલવડા-પેથાપુરમાંથી ૩-૩ કેસ, ખોરજમાંથી ૨ કેસ તેમજ પાલજ, રાયસણ, બોરીજ અને જીઈબીમાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે ૧૩૦૦થી વધુ એક્ટીવ કેસ સારવાર હેઠળ છે. શહેરમાં ૧૦ હજારથી વધુ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે.

## ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. ચાવડાએ ઓક્સિજન કોન્સ્ટ્રેટર સહિતના સાધનો ખરીદવા ૨૩ લાખ ફાળવ્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે આજે તેમની ગ્રાન્ટમાંથી વધુ ૨૮ લાખ રૂ. ફાળવી આપ્યા છે. સી.જે. ચાવડાએ અગાઉ રૂ. ૨૫ લાખની ગ્રાન્ટ ફાળવી હતી જે ઉલ્લેખનીય છે.

સી.જે. ચાવડાએ આજે વધુ ૨૮ લાખની ગ્રાન્ટ ફાળવણી ત્રણ ભાગમાં કરી છે. જેમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ માટે રૂ. ૧૫ લાખ ફાળવ્યા છે. આ ગ્રાન્ટમાંથી એક નાની શબ વાહિની, આધુનિક ટ્રેચર ઓક્સિજન બોટલ અને સ્ટેન્ડ સાથેનું ખરીદવા તેમજ અત્યંત સુવિધાયુક્ત વ્હીલચેર ખરીદવા માટે ગ્રાન્ટ ફાળવી છે.

તેમના મત વિસ્તારમાં આવતા ગ્રામ્ય વિસ્તારોમાં સેવાઓનુ સઘનીકરણ થઈ શકે તે માટે રૂપાલ, આદરજ મોટી, ઉનાવા તેમજ સરઢવ હોસ્પિટલ માટે ઓક્સિજન કોન્સ્ટ્રેટર ખરીદવા રૂ. ૫.૬૦ લાખની ગ્રાન્ટ ફાળવી આપી છે.

ગાંધીનગર શહેરના અર્બન હેલ્થ સેન્ટર સે. ૨, ૨૯, ૨૪, પાલજ અને પેથાપુર ખાતે પણ ઓક્સિજન કોન્સ્ટ્રેટરની ખરીદી માટે રૂ. ૭.૬૦ હજારની ગ્રાન્ટ ફાળવણી કરી છે.

કોરોનાની મહામારીમાં ઓક્સિજનની અવ્યવસ્થાથી ઉભી થયેલી પરિસ્થિતિને ધ્યાને રાખી તેમણે આ ગ્રાન્ટની ફાળવણી કરી છે.

રાજ્ય સરકારે ધારાસભ્યોને તેમની ગ્રાન્ટમાંથી રૂ. ૫૦ લાખ સુધીની ફાળવણી કરી શકશે તેવા કરેલા નિર્ણયને પગલે સી.જે. ચાવડાએ વધુ ૨૩ લાખની ગ્રાન્ટ ફાળવી છે. અગાઉ તેમણે રૂ. ૨૫ લાખની ગ્રાન્ટ ફાળવી હતી. આમ તેમણે કોરોનાની મહામારી સામે લડવા માટે અત્યાર સુધીમાં રૂ. ૪૮ લાખની ગ્રાન્ટ ફાળવી આપી છે.

# મેયર ગ્રાન્ટની વપરાશનો હિસાબ માગતા પૂર્વ મેયર પ્રવિણ પટેલ

**મેયરપદ રહી મેં કરેલા સૂચનોની અવગણના કરાઈ હોવાનો પ્રવિણ પટેલનો આક્ષેપ**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના પૂર્વ મેયર પ્રવિણ પટેલે મહાનગરપાલિકાના કમિશનરને પત્ર લખી તેમના સમયગાળા દરમ્યાન મેયર ગ્રાન્ટમાંથી કેટલી રકમ વપરાઈ તે અંગેની વિગતો માંગતા શહેરના રાજકારણમાં નવો ગરમાવો આવ્યો છે.

પ્રવિણ પટેલે લખેલા પત્રમાં તેમણે તેમની ગ્રાન્ટમાંથી નાણાં વપરાશ માટે કરેલા સંખ્યાબંધ સૂચનોનો અમલ નહિ થયાની પણ ફરિયાદ કરી છે. તેમજ કેટલીક બાબતોની ફાઈલો કયા કારણોસર ક્યાં અટવાઈ ગઈ તેનો આજ સુધી ભેદ જાણી શકાયો નહિ હોવાનું જણાવી જવાબદારો સામે પગલાં લેવા કહ્યું છે.

તેમણે તેમના આ પત્રમાં જણાવ્યુ છે કે તા. ૭-૫-૧૬ થી ૧૪-૨-૧૯ ના સમયગાળા દરમ્યાન તેમને મળેલ ગ્રાન્ટમાંથી કેટલી રકમ વપરાઈ તેનો વિગતવાર પ્રત્યુત્તર આપશો. મારી ગ્રાન્ટ જે વણવપરાઈ રહી હોય તેમાંથી હાલની મહામારીના સમયમાં આરોગ્ય સેવા સઘનીકરણ કરવા માટેના જે મારા સૂચનો છે તેમાં વાપરવા માર્ગદર્શિકા મુજબ આપને વિનંતી છે.

પ્રવિણ પટેલે લખેલા આ પત્રથી ભાજપમાં ચાલી રહેલી આંતરિક લડાઈ હવે ખુલ્લેઆમ બહાર આવી છે. પટેલે અઢી વર્ષના સમયગાળા બાદ પહેલીવાર કમિશનરને પત્ર લખ્યો છે અને તે પણ મેયર તરીકેની ગ્રાન્ટના ખર્ચને લઈ લખ્યો છે. તેમણે તેમના પત્રમાં જણાવ્યુ છે કે શહેરના નગરજનો મને ફોન કરી પુછી રહ્યા છે કે તમારી ગ્રાન્ટ ક્યાં ક્યાં વપરાઈ તેની વિગતો આપો.

## શહેરના જાણીતા યુવા ફોટોગ્રાફર હીરેન રાવલનુ કોરોનાથી નિધન

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર બ્રહ્મસમાજના યુવા અગ્રણી અને ફોટોગ્રાફર એસોસિએશનના ખજાનચી હીરેન રાવલ કોરોના સામે જંગ હારી ગયા છે. સે-૨ ડી માં રહેતા ૪૪ વર્ષીય હીરેન રાવલે કોરોનાના લીધે



જીવ ગુમાવતા બ્રહ્મસમાજ તેમજ નગરના ફોટોગ્રાફર્સે પણ ઘેરા શોક અને દુખની લાગણી વ્યકત કરી છે. કોરોનાની સારવાર દરમિયાન હાર્ટ એટેકના લીધે તેમનુ આજે અવસાન થયુ છે. સેકટરવાસીઓએ પણ આશાસ્પદ યુવાનના મૃત્યુથી આઘાત સાથે દુખની લાગણી વ્યકત કરી છે.

ગાંધીનગરમાં વર્ષોથી ફોટોગ્રાફર તરીકે કામ કરીને અનોખી નામના અને લોકચાહના મેળવી હીરેને નગરજનોના હૃદયમાં આગવુ સ્થાન મેળવ્યુ હતુ. સરળ અને નિખાલસ સ્વભાવના હીરેન રાવલ અગાઉ લગ્નપ્રસંગે ફોટોગ્રાફીનુ કામ કરવા ગયા હતા ત્યારબાદ તેમને તાવ આવતા ઘરે જ સારવાર શરૂ કરી હતી પરંતુ અન્ય રીપોર્ટ નોર્મલ ન આવતા આખરે તેમને સારવાર અર્થે વાછાણી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. કોરોના સામે લડત આપતા હિરેનને માનસિક ગભરામણ અને ડર પણ લાગતો હોવાનુ નજીકના વર્તુળોએ જણાંવ્યુ છે. જયારે સારવાર દરમિયાન હિરેનને અચાનક જ એટેક આવી જતા આજે નગરના આશાસ્પદ યુવાનનુ મોત નિપજયુ હતુ. પોતાના કામ અને સરળ નિખાલસ વ્યકિત્વ થકી નગરજનોમાં લોકચાહના મેળવનાર હીરેનની અણધારી વિદાયથી પરિવારજનો અત્યંત દુખી છે. હીરેનના પત્ની , પાંચ વર્ષની દીકરી તેમજ પિતા હીરેનની વિદાય પાછળ અત્યંત દુખી હ્રદયે વિલાપ કરી રહ્યા છે. સેકટરના યુવા અગ્રણીના અકાળે અવસાનથી બ્રહ્મસમાજ તેમજ સેકટરવાસીઓમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે. ગાંધીનગર ફોટોગ્રાફર એસોસિએશનના દિપક વ્યાસ સહીત અન્ય મિત્રોએ પણ તેમના અવસાન બદલ ઘેરા શોકની લાગણી વ્યકત કરી એક સારો મિત્ર ગુમાવ્યો હોવાનો અફસોસ વ્યકત કર્યો છે.

# ખાનગી હોસ્પિટલમાં મા-વાત્સલ્ય કાર્ડથી કોરોનાની સારવાર થશે

**કોરોનાની સારવારમાં મોટી રાહત મળશે : ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે રોજના ૫૦૦૦ સુધીની મર્યાદામાં ૧૦ દિ'ના ૫૦૦૦૦ સુધી સારવાર ખર્ચ મળશે : મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીમાં એવો મહત્વપૂર્ણ નિર્ણય**

ગાંધીનગર, તા. ૧૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીમાં એવો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે કે, મા કાર્ડ અને વાત્સલ્ય કાર્ડ રાજ્યના જે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો ધરાવે છે. તેવા પરિવારોમાં જો કોઈ વ્યક્તિ કોરોના સંક્રમિત થાય તો તેમને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દરરોજના ૫૦૦૦ સુધીની મર્યાદામાં ૧૦ દિવસના પચાસ હજાર સુધીનો સારવાર ખર્ચ આ કાર્ડમાંથી મળવા પાત્ર થશે.

મુખ્યમંત્રીએ કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિમાં આ લાભ ૧૦ મી જુલાઈ ૨૦૨૧ સુધી આવા કાર્ડ ધરાવતા પરિવારોને આપવાનો નિર્ણય કરીને કોરોનાની સારવારના ખર્ચમાં મધ્યમવર્ગીય પરિવારોને મોટી રાહત આપી છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના સ્મશાનગૃહોમાં મૃતદેહોના અંતિમ સંસ્કારની સેવા કામગીરી કરતાં અદના કર્મચારીઓ સહિત સ્મશાનગૃહના કર્મચારીઓની પ્રવર્તમાન કોરોના સંક્રમણની સ્થિતિમાં તેમની કપરી સેવા- કામગીરીને ધ્યાનમાં રાખી એક મહત્વપૂર્ણ સંવેદનશીલ નિર્ણય કોર કમિટીની બેઠકમાં કર્યો છે.

મુખ્યમંત્રી એ સ્મશાનગૃહના આવા કર્મચારીઓને કોરોના વોરિયર્સ ગણીને તેમને પણ રાજ્ય સરકાર દ્વારા કોરોના વોરિયર્સને મળવાપાત્ર તમામ લાભ તારીખ ૧ એપ્રિલ ૨૦૨૦ની અસરથી આપવાનો નિર્ણય કર્યો છે. રૂપાણી એ આ અદના કર્મચારીઓ પ્રત્યે સંવેદનશીલતા દાખવીને એવો પણ નિર્ણય કર્યો છે કે સ્મશાનગૃહમાં ફરજ બજાવતા આવા કોઈ કોઈ કર્મચારીનું કોરોનાને કારણે અવસાન થાય તો તેમના પરિવાર-વારસદારોને રૂપિયા ૨૫ લાખની સહાય પણ રાજ્ય સરકાર આપશે.

### રાજ્યના સ્મશાનગૃહોના કર્મચારીઓને કોરોના વોરિયર્સ ગણવામાં આવશે

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના સ્મશાનગૃહોમાં મૃતદેહોના અંતિમ સંસ્કારની સેવા કામગીરી કરતાં અદના કર્મચારીઓ એવા સ્મશાનગૃહના કર્મચારીઓને પ્રવર્તમાન કોરોના સંક્રમણની સ્થિતિમાં તેઓની કપરી સેવા- કામગીરીને ધ્યાનમાં રાખી એક મહત્વપૂર્ણ સંવેદનશીલ નિર્ણય કોર કમિટીની બેઠકમાં કર્યો છે

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના સ્મશાનગૃહોના આવા કર્મચારીઓને કોરોના વોરિયર્સ ગણીને તેમને પણ રાજ્ય સરકાર દ્વારા કોરોના વોરિયર્સને મળવાપાત્ર લાભ તારીખ ૧ એપ્રિલ ૨૦૨૦ની અસરથી આપવાનો નિર્ણય કર્યો છે

## ગાંધીનગર જૈન સમાજના અગ્રણી મધુસુદન વોરા કોરોના સામેનો જંગ હારી ગયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર જૈન સમાજના અગ્રણી અને નિવૃત્ત નાયબ કાર્યપાલક ઈજનેર મધુસુદન વોરાના નિધનથી સમગ્ર શહેરમાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી. છેલ્લા એક સપ્તાહથી કોરોના સામે જંગ લડી રહેલા મધુસુદન વોરાએ આજે સવારે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમ્યાન અંતિમ શ્વાસ લીધો હતો. સદગતના નિધનથી જૈન સમાજ અને ગાંધીનગરના જાહેર જીવનને ભારે ખોટ વર્તાશે. ગાંધીનગર જૈન સોશીયલ ગૃપને સતત ધમધમતુ રાખનાર પૂર્વ પ્રમુખ અને ગાંધીનગર લાયન્સ કલબમાં નોંધપાત્ર પ્રદાન કરનાર પૂર્વ પ્રમુખ મધુસુદન વોરાના નિધનના સમાચારથી શહેરની સામાજીક અને સાંસ્કૃતિક સંસ્થાઓમાં આઘાતની લાગણી છવાઈ હતી. સંવેદનશીલ વ્યક્તિત્વ ધરાવતા અને મિલનસાર સ્વભાવવાળા મધુસુદન વોરા શહેરની અનેક સેવાભાવી અને સાંસ્કૃતિક સંસ્થાઓમાં સતત સક્રિય રહ્યા છે. ખુબજ બહોળો મિત્ર વર્ગ ધરાવતા મધુસુદન વોરા અનેક સનદી અધિકારીઓ અને રાજકીય નેતાઓ સાથે વ્યાપક સંપર્કના કારણે સેવાકાર્યોમાં પુરક બનવાનું ચુકતા નહી. પાટનગર યોજના વર્તુળમાં અને અગાઉ રાજકોટ ખાતે માર્ગ મકાન વિભાગમાં નામી સરકારી સેવાઓ આપી નિવૃત્ત ઈજનેર મધુસુદનભાઈ વોરા જ્ઞાતિ અને સેવા સંસ્થાઓમાં સક્રિય રહી શહેરના જનજીવનને ધબકતુ રાખવા અસરકારક ભૂમિકા અદા કરી છે. ગાંધીનગર સમાચારના સ્થાપનાકાળથી આજીવન શુભેચ્છક મધુસુદન વોરાને 'ગાંધીનગર સમાચાર પરિવાર' ભાવપૂર્વક અંજલિ પાઠવે છે.



## નૃ. દિગમ્બર જૈન બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પરમ પૂજ્ય માતૃશ્રી **સરોજબેન નલિનકાંત શાહ (ડબકા નિવાસી - હાલ ગાંધીનગર)** તા. ૬-૫-૨૧ને ગુરૂવારના રોજ અરિહંત શરણ થયેલ છે. પ્રભુ તેમના આત્માને સદગતિ આપે તેવી પ્રાર્થના

**વર્તમાન પરિસ્થિતીનો ધ્યાનમાં રાખીનો સદ્ગતનું ટેલીફોનિક બેસણું તા.૧૩-૫-૨૧નો ગુરૂવારે સવારે ૯ થી ૧૧ કલાકે રાખેલ છે**

CA સ્વ. નલિનકાંત ભોગીલાલ શાહ
CA તુષાર નલિનકાંત શાહ (પુત્ર) (T.N.Shah & Co., Gandhinagar) મો. ૯૮૨૪૦ ૮૮૪૦૭
રાજીવ નલિનકાંત શાહ (પુત્ર) (Uttam Industries, Gandhinagar) મો. ૯૮૨૪૦ ૭૭૩૪૮
હિમાંશુ નલિનકાંત શાહ (પુત્ર) (Aum Enterprise, Gandhinagar) મો. ૯૮૨૪૦ ૬૫૨૭૧
મનિષાબેન (પુત્રવધુ) - કૃપાબેન (પુત્રવધુ) - ભાવિનીબેન (પુત્રવધુ)
CA રોમિલ-વૃત્તા (પૌત્ર-પૌત્રવધુ) પુર્વીશ-ધ્રુમી (પૌત્ર-પૌત્રવધુ)
ડો. સૃષ્ટિ (USA), રિધ્ધી (પૌત્રી)

પ્લોટ-૨૧૬, આનંદવાટીકા, જૈન દેરાસરની પાછળ, સેક્ટર-૨૨, ગાંધીનગર

**પિયરપક્ષનું ટેલીફોનિક બેસણું ઉપરોક્ત સમયે રાખેલ છે
સ્વ. મનુભાઈ હરીલાલ વખારીયા પરિવાર**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com